યુક્ત કરો હે સબાર સંગે, મુક્ત કરો હે બંધ, સંચાર કરો સકલ કર્મે, શાંત તોમાર છંદ

# ગાંધીનગર સમાચાર

પાટનગરનું પોતાનું અખબાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૨૫ | ૧૪ જુલાઈ, ૨૦૨૦, મંગળવાર; અષાઢ વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

**નવા કેસ**

| | |
|---|---|
| રાજ્ય | ૯૦૨ |
| અમદાવાદ | ૧૬૪ |
| ગાંધીનગર | ૨૭ |

# સચિનના બળવાનું સૂરસુરિયું

**રાજસ્થાનમાં ઘીના ઠામમાં ઘી : ગહેલોત સરકારને ઊથલાવવાનો પ્રયાસ નિષ્ફળ : જયપુરમાં ગેહલોતે મિડિયા સમક્ષ ધારાસભ્યોની પરેડ કરાવી, ૧૦૯ના સમર્થનનો દાવો : રાજસ્થાનની લડાઈ રોકવા પ્રિયંકા ગાંધી મેદાનમાં, ગેહલોત-પાયલટને સમજાવવાનો પ્રયત્ન, પાયલોટે તેમના ચાર ધારાસભ્યોને મંત્રી બનાવવા માંગ કરી સાથે ગૃહ અને નાણાં ખાતુ પણ માંગ્યુ, પ્રદેશ પ્રમુખની પણ માંગ**



જયપુર, તા. ૧૩

રાજસ્થાનમાં ઘીના ઠામમાં ઘી પડ્યું રહ્યું છે. અશોક ગેહલોતની બે વર્ષ જૂની સરકારને સચિન પાયલોટને હાથો બનાવીને ઉથલાવવાનો પ્રયાસ સફળ રહ્યો નથી. બહુમતી માટે જોઈતા હોય તેના કરતાં વધુ એટલેક ૧૦૪ ધારાસભ્યોએ સોમવારે ગેહલોત સાથે મિટિંગ કરી હતી. સચિન સાથે બેક્ ત્રણ ધારાસભ્યો હોવાનું કહેવાય છે. આમ, ગેહલોત સરકાર હાલં પૂરતું પતનમાંથી ઉગરી ગઈ છે. બીજી તરફ, સચિન પાયલોટે જાહેર કર્યું છે કે તે ભાજપના જોડાશે નહીં. જોકે, સચિને કોંગ્રેસ સામેની નારાજગી પણ જારી રાખી છે. મજાની વાત એ છે કે પ્રિયંકા ગાંધી, સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીની મનામણી પછી પણ સચિન માન્યા નથી. બીજી તરફ, એક સમીકરણ પ્રમાણે સચિનને પ્રદેશ પ્રમુખની જવાબદારી સહિતનો શિરપાવ આપીને ગેહલોત સાથે સમાધાન કરાવાય તેવું પણ કહેવાય છે. અગાઉ એવું કહેવાતું હતું કે, સચિન પાયલોટની પાસે કેટલાક ધારાસભ્યોનું સમર્થન છે અને તેઓ ભાજપના નેતાઓની સાથે સંપર્કમાં છે. ત્યારબાદથી એવી અટકળો લાગી રહી હતી કે તેઓ જ્યોતિરાદિત્ય સિંધિયાના પગલે

● અનુસંધાન પાન-૭ પર

## હું ભાજપમાં નહિ જોડાઉ : સચિન પાયલટ

ન્યુ દિલ્હી,તા.૧૩

રાજસ્થાન પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ અને ઉપમુખ્યમંત્રી સચિન પાયલટના બાગી તેવર બાદ અશોક ગેહલોતની સરકાર હચમચી ઉઠી છે અને પ્રત્યેક ક્ષણ નવો વળાંક લઈ રહ્યો છે. રાજસ્થાનમાં રાજકીય સંકટ વચ્ચે પહેલા એવી અટકળો વહેતી થઈ હતી કે પાયલોટ આજે ભાજમાં સામેલ થશે. જોકે, તમામ અટકળો પર પૂર્ણવિરામ મુકતા સચિન પયલોટે સ્પષ્ટ કહીં દીધું છે કે તેઓ ભાજપમાં નહીં જોડાય.

પાયલોટ ગઈ કાલે દિલ્હી પહોંચ્યા હતા. જ્યાં સચિન પાયલટે રવિવારે પૂર્વ કોંગ્રેસી સાથી અને ભાજપના નેતા જ્યોતિરાદિત્ય સિંધિયાની મુલાકાત લીધી હતી અને આશરે ૪૦ મિનિટ સુધી તેમની બેઠક ચાલી હતી. ત્યાર બાદ સચિન પાયલટ પણ ભાજપમાં જોડાશે તેવી અટકળોએ જોર પકડ્યું હતું.

## પાયલટના સમર્થક ધારાસભ્યો ગેહલોતની સાથે જોવા મળ્યા..!!

સૂત્રોનું કહેવું છે કે ભાજપ સાથે વાત ન બનવાને કારણે કોંગ્રેસના બળવાખોર નેતા સચિન પાયલટના સમર્થક ૨૪ ધારાસભ્યો છટકી ગયા છે. આ ધારાસભ્ય દળની બેઠકમાં સામેલ થયા છે. હજુ પણ ૧૨ કોંગ્રેસ અને ૩ અપક્ષ ધારાસભ્ય પાયલટના સંપર્કમાં હોવાની વાત સામે આવી છે. આ ધારાસભ્યો આજની બેઠકમાં પહોંચ્યા નથી.

**રાજસ્થાનમાં સત્તાના સમરાંગણ વચ્ચે**

## મુખ્યમંત્રી ગેહલોતના નજીકના સાથીઓને ત્યા આઈટીના દરોડા

જયપુર,તા.૧૩

એક તરફ રાજસ્થાનમાં ગહલોત સરકાર પર સંકટના વાદળો ઘેરાઈ રહ્યા છે. આ રજકીય સંકટ દરમિયાન સોમવારના રોજ અશોક ગહલોતના અંગત વ્યક્તિઓ અને કોંગ્રેસ પાર્ટીના ઉપાધ્યક્ષ પર ઈક્રમટેક્સના દરોડા પાડવામાં આવી રહ્યા છે. એવામાં રાજસ્થાન કોંગ્રેસની મુશ્કેલીઓ વધતી જોવા મળી રહી છે. સોમવારના રોજ રાજસ્થાન કોંગ્રેસના બંને નેતાના ૨૪ જેટલા ઠેકાણાઓ પર ઈક્રમટેક્ષ વિભાગે દરોડા પાડ્યા છે.



આ દરોડા રાજસ્થાન કોંગ્રેસના બે દિગ્ગજ નેતાઓ રાજીવ અરોડા અને ધર્મેન્દ્ર રાઠોડના ઠેકાણાઓ પર પાડવામાં આવ્યા છે. ૨૦૦થી વધારે અધિકારીઓ સાથે મળીને દરોડા પાડવાની આ કાર્યવાહીને કરી રહ્યા છે. આ બંને નેતાઓને ગહેલોતના ખાસ ગણવામાં આવે છે.

રાજીવ અરોડાને મુખ્યમંત્રી અશોક ગહલોતના ફાઈનાન્શિયલ મેનેજર માનવામાં આવે છે. જ્યારે ધરમેન્દ્ર રાઠોડ તેમના સૌથી ખાસ વ્યક્તિઓમાંથી એક છે. રાજીવ અરોડા જ્વેલરી ફર્મના માલિક છે જ્યારે ધર્મેન્દ્ર રાઠોડે અશોક ગહલોતના દીકરા વૈભવ ગહલોતની લોકસભા ચૂંટણી લડતી વખતે મહત્વની ભૂમિકા ભજવી હતી. ઈક્રમટેક્ષ ડિપાર્ટમેન્ટની ટીમ ધર્મેન્દ્ર રાઠોડના ઘરે પહોંચી ગઈ છે. દરોડા પાડવાની કાર્યવાહી ચાલી રહી છે.

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૧૩૧૧૪૯૭૩ | ૫૭૨૯૦૯ | ૭૧૩૧૫૧૨ |
| ભારત | ૯૦૪૨૧૩ | ૨૩૭૦૭ | ૫૬૯૭૩૦ |
| ગુજરાત | ૪૨૮૦૮ | ૨૦૫૭ | ૨૯૮૦૬ |
| ગાંધીનગર | ૧૦૦૩ | ૬૨ | ૬૫૧ |

## ગુગલ ભારતમાં ૭૫,૦૦૦ કરોડનું રોકાણ કરશે

ન્યુ દિલ્હી,તા.૧૩

ગૂગલ દ્વારા આયોજિત છઠ્ઠાં ગૂગલ ફોર ઈન્ડિયા ઈવેન્ટ ૨૦૨૦નું પ્રથમ વખત વર્ચુઅલ આયોજન કરવામાં આવ્યું હતું. આ ઈવેન્ટની શરૂઆત ગુગલ ઈન્ડિયાના વડા સંજય ગુપ્તાએ કરી હતી. તેમણે કહ્યું કે ગુગલ ભારતમાં એટલું સ્માર્ટ થઈ ગયું છે કે તે ચોવીસ કલાક અગાઉથી હવામાનની સચોટ આગાહી કરી શકે છે. સંજય ગુપ્તાએ જણાવ્યું હતું કે કોરોના વિશે બે અબજથી વધુ વખત સર્ચ કરવામાં આવ્યું હતું જેનો જવાબ ગુગલે આપ્યો છે.

આ ઈવેન્ટમાં ગુગલના સીઈઓ સુંદર પીચાઈએ ભારત માટે મોટી જાહેરાત કરી છે. ગુગલ અને આલ્ફાબેટના સીઈઓ સુંદર પિચાઈએ જણાવ્યું હતું કે ગૂગલ ડિજિટલ ઈન્ડિયા માટે આગામી ૫-૧૦ વર્ષમાં ૭૫,૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરવા જઈ રહ્યું છે. ગુગલનું રોકાણ ઈક્વિટી રોકાણ, ભાગીદારી અને ઓપરેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈકોસિસ્ટમ ઉદ્યોગમાં હશે. ગુગલે ઈ-લર્નિંગના વિસ્તરણ માટે સીબીએસઈ સાથે ભાગીદારીની પણ ઘોષણા કરી છે.

તેમણે માહિતી આપી કે ઈન્ટરનેટ સાથીનો ઉપયોગ ભારતના ગ્રામીણ વિસ્તારોમાં લોકોને ડિજિટલ બનાવવા માટે

● અનુસંધાન પાન-૭ પર

## છેલ્લે... છેલ્લે...

- વડતાલ સ્વામીનારાયણ મંદિર કમિટીના ચેરમેન દેવપ્રકાશ સ્વામીનો કોરોના પોઝિટિવ
- સીબીએસસીનું ધોરણ-૧૨નું પરિણામ જાહેર થયું.
- સી.એ.ની સેમેસ્ટર પરીક્ષા નવેમ્બર સુધી સ્થગિત કરાઈ.
- કોરોના સંકટ વચ્ચે ટીસીએસ ૪૦ હજાર ફ્રેશર્સને નોકરી આપશે
- કોરોના પોઝિટિવ નથી તેવું સોગંદનામું આપનાર લોકો વિમાનમાં પ્રવાસ કરી શકશે
- કોરોના સંકટ વચ્ચે આજથી જમ્મૂ-કાશ્મીરમાં પર્યટન ખોલવામાં આવશે
- અંદમાન-નિકોબારમાં ૪.૩ની તીવ્રતાના ભૂકંપના આંચકા
- ભારત અમેરિકા પાસેથી સેના માટે માનવરહિત હવાઈ વાહન રેવન ખરીદશે
- કર્ણાટકના પ્રવાસન મંત્રી સી ટી રવિનો કોરોના પોઝિટિવ
- ઉંઝા માર્કેટ યાર્ડ તથા આસપાસના કામોમાં બપોરે ૨ વાગ્યાથી સ્વૈચ્છિક લોકડાઉન.

## કેરળના પદ્મનાભસ્વામી મંદિર પર ત્રાવણકોર શાહી પરિવારનો અધિકાર

**સુપ્રિમ કોર્ટે કેરળ હાઇકોર્ટના ૩૧ જાન્યુ. ૨૦૧૧ના આદેશને રદ્દ કર્યો : પદ્મનાભસ્વામી મંદિરના બાબતોના મેનેજમેન્ટવાળી પ્રશાસનિક સમિતિની અધ્યક્ષતા તિરૂવનંતપુરમના જિલ્લા ન્યાયાધીશ કરશે : મંદિરની પાસે લગભગ બે લાખ કરોડની સંપત્તિ**

ન્યુ દિલ્હી,તા.૧૩

કેરળના શ્રી



પદ્મનાભસ્વામી મંદિરના પ્રશાસન અને તેની સંપત્તિના અધિકારને લઈ આજે સુપ્રીમ કોર્ટ ચુકાદો સંભળાવી દીધો છે. સુપ્રીમ કોર્ટે કેરળ હાઈકોર્ટના ચુકાદાને પલટતાં દેશના સૌથી વધુ સંપત્તિવાળા મંદિરો પૈકીના એક શ્રી પદ્મનાભસ્વામી મંદિરના મેનેજમેન્ટનો અધિકાર ત્રાવણકોરના પૂર્વ શાહી પરિવારને આપ્યો છે. મળતી માહિતી મુજબ, મંદિરની પાસે લગભગ બે લાખ કરોડ રૂપિયાની સંપત્તિ છે. કેરળ હાઈકોર્ટના ચુકાદાને શાહી પરિવારે સુપ્રીમમાં પડકાર્યો હતો.

શ્રી પદ્મનાભસ્વામી મંદિરને લઈ સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન એ વાતનો ચુકાદો આપવામાં આવ્યો છે કે

● અનુસંધાન પાન-૭ પર

## રિલાયન્સે ઈતિહાસ રચ્યો

**૧૨ લાખ કરોડની માર્કેટ કેપ પાર કરનારી દેશની પહેલી કંપની**

મુંબઈ,તા.૧૩

મુકેશ અંબાણીની નેતૃત્વવાળી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝએ એક નવો ઈતિહાસ રચી દીધો છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ૧૨ લાખ કરોડ રૂપિયા માર્કેટ કેપ પાર કરનારી દેશની પહેલી કંપની બની ગઈ છે. સોમવારે બીએસઈ પર આરઆઈએલનો શૅર ૩.૨૧ ટકાના ઉછાળાની સાથે ૧૯૩૮.૮૦ રૂપિયા પ્રતિ શૅરના ભાવ પર પહોંચી ગયો.

આરઆઈએલના શૅરમાં તેજીથી કંપનીનો માર્કેટ કૅપ ૧૨ લાખ કરોડ રૂપિયાને પાર થઈ ગયો. આરઆઈએલ ૧૨ લાખ કરોડ રૂપિયા માર્કેટ કૅપ ટચ કરનારી ભારતની પહેલી કંપની છે. એક મહિનાથી પણ ઓછા સમયમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના માર્કેટ કૅપમાં ૧ લાખ કરોડ રૂપિયાથી વધુનો વધારો થયો છે. આરઆઈએલની વાર્ષિક સાધારણ સભા ૧૫ જુલાઈના રોજ મળનારી છે અને આ મિટિંગમાં કંપની કોઈ મોટી જાહેરાત કરે તેવી સંભાવના છે. આરઆઈએલએ પોતાના

● અનુસંધાન પાન-૭ પર

હવે ગાંધીનગર અદ્યતન સુવિધાઓથી સજ્જ

શુભારંભ...

સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ

સે. ૨૬ માં ડી-માર્ટની પાછળ શરૂ થઈ ગયેલ છે.

SURMOUNT HOSPITAL



મોડ્યુલર ઓપરેશન થિયેટર-૧







મોડ્યુલર ઓપરેશન થિયેટર-૨



વિશાળ વેઈટીંગ એરિયા સાથેના ઓપીડી રૂમ્સ



ડિલક્ષ, સ્પેશિયલ, જનરલ રૂમની સુવિધા

ઓર્થોપેડિક વિભાગ

ડૉ. વિરલ પ્રજાપતિ MS (Ortho) FIJRS

ડૉ. હાર્દિક પટેલ MB D. Ortho.FIAS

● ટ્રોમા વિભાગ 24x7 ● જોઈન્ટ રિપ્લેસમેન્ટ ● સ્પાઈન સર્જરી ● આર્થોસ્કોપી સર્જરી

સર્જરી વિભાગ

ડૉ. ખ્યાતિ પટેલ MS ગાંધીનગર ખાતે પ્રથમ મહિલા સર્જન

General & Laparoscopy Surgeon ● બ્રેસ્ટ સર્જરી ● યુરોલોજી ● ગેસ્ટ્રોલોજી ● લેપ્રોસ્કોપી સર્જન

કાન, નાક ગળા વિભાગ

ડૉ. આશીલ માણાવદરીયા MS ENT

પ્લાસ્ટિક સર્જરી વિભાગ

ડૉ. કુમાર મેહતા MS MCH Plastic Surgeon

OPD : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.

અન્ય સુવિધા : ● પિડીયાટ્રીક સર્જરી ● બર્ન્સ એન્ડ પ્લાસ્ટીક સર્જરી ● કોસ્મેટીક & હેર ટ્રાન્સપ્લાન્ટ સર્જરી ● મેડીકલેઈમની સુવિધા ● ઈએનટી સર્જરી ● કેન્સર સર્જરી ● વાસ્ક્યુલર સર્જરી ● હેલ્થ ચેકઅપ પેકેજીસ

સરમાઉન્ટ હોસ્પિટલ

પ્લોટ નં. આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦

: Firm :

Capital Offset, G.I.D.C., Sector-28, Gandhinagar

Book Your Way Holidays • Hotel Greencity - Gandhinagar